# અમેરિકાની અઢી સદી: જ્યાં વ્યક્તિની ઓળખ નહીં, પ્રતિભા પૂછવામાં આવે છે

દુનિયાનો સૌથી શક્તિશાળી દેશ અમેરિકા તેની સ્થાપનાનાં 250 વર્ષ પૂર્ણ થયાનો ઉત્સવ મનાવી રહ્યો છે. અઢી સદી પહેલાં, 4 જુલાઈ, 1776ના રોજ અમેરિકાના સ્વાતંત્ર્યની ઘોષણા કરવામાં આવી હતી. આટલા ટૂંકા ઈતિહાસ છતાં પણ આ દેશ આજે દુનિયાનો સૌથી તાકાતવર, સમૃદ્ધ અને સૌથી આઝાદ દેશ કેવી રીતે બની ગયો, તે આખી દુનિયા માટે અભ્યાસ અને પ્રેરણાનો વિષય રહ્યો છે.



અમેરિકા કેમ મહાન છે તેની ચર્ચામાં એક અગત્યનો સૂર પેપ્સિકોની ભૂતપૂર્વ સીઈઓ ઈન્દ્રા નૂઈએ વ્યક્ત કર્યો છે. ભારતીય મૂળની આ પ્રથમ મહિલા સીઈઓએ કહ્યું છે, "હું દુનિયાના બીજા કોઈ દેશમાં સીઈઓ બની શકી હોત નહીં–ભારતમાં પણ નહીં. અમેરિકામાં આ સંભવ બન્યું કારણ કે ત્યાંની વ્યવસ્થા વ્યક્તિની યોગ્યતાને મહત્વ આપે છે. ત્યાંના લોકોને એ ફરક નથી પડતો કે તમે પુરુષ છો કે મહિલા, તમે કયા દેશમાંથી આવો છો અથવા તમારો રંગ કેવો છે. તેમને માત્ર ઉત્તમ પ્રતિભાથી જ મતલબ છે."

**ફાયરવોલ**

**રાજ ગોસ્વામી**

સ્વાભાવિક રીતે જ આ નિવેદન પર મતભેદ થવાનો જ હતો. કેટલાક લોકોએ તેને અમેરિકાનું મહિમામંડન ગણાવ્યું, તો કેટલાકે કહ્યું કે અમેરિકામાં પણ નસ્લવાદ, અસમાનતા અને ભેદભાવ આજે પણ મોજૂદ છે. કેટલાકનું માનવું હતું કે અમેરિકા કોઈ આદર્શ સમાજ નથી; ત્યાં પણ અનેક સમસ્યાઓ છે. આ વાત સાચી છે, પરંતુ આ દલીલોથી એક બીજો પ્રશ્ન ખતમ થઈ જતો નથી. જો અમેરિકા દોષપૂર્ણ દેશ હોય, તો દુનિયાના સૌથી પ્રતિભાશાળી લોકો આજે પણ ત્યાં જવા કેમ ઇચ્છે છે? કેમ દર વર્ષે લાખો લોકો પોતાનું ઘર, દેશ, ભાષા અને સંસ્કૃતિ છોડીને અમેરિકામાં વસવાનું સપનું જુએ છે? કેમ લોકો જીવના જોખમે ગેરકાયદેસર રીતે અમેરિકાની સરહદોમાં પ્રવેશવાનો પ્રયાસ કરે છે?

તેનો જવાબ માત્ર વેતન કે ડૉલર નથી. જો વાત માત્ર પૈસાની જ હોત, તો દુનિયાના બીજા અનેક દેશો પણ એટલા જ આકર્ષક હોત. અમેરિકાની અસલી તાકાત તેની એવી વ્યવસ્થા છે, જે ઓછામાં ઓછો એટલો વિશ્વાસ તો આપે છે કે જો તમારી પાસે પ્રતિભા હોય, મહેનત કરવાની વૃત્તિ હોય અને કંઈક નવું કરવાનું સાહસ હોય, તો તમારી સામે આગળ વધવાનો રસ્તો ખુલ્લો છે. દુનિયાના મોટાભાગના દેશોમાં વ્યક્તિના જન્મની સાથે જ તેનું ભવિષ્ય જાણે નક્કી થઈ જાય છે. તમારો પરિવાર કોણ છે, તમારી અટક શું છે, તમારો ધર્મ, તમારી જાતિ, તમારું સામાજિક સ્થાન શું છે અને તમારા સંબંધો કેટલા પ્રભાવશાળી છે, તેના આધારે તમારો આગળનો રસ્તો નક્કી થાય છે; પ્રતિભા કે લાયકાતના આધારે નહીં. અમેરિકા અહીં અલગ પડે છે.

**પ્રતિભા કોઈ એક દેશની સંપત્તિ નથી હોતી; તે આખી દુનિયામાં સમાન રીતે જન્મે છે, ફરક માત્ર એટલો જ હોય છે કે કયો સમાજ તેને ઓળખે છે અને તેને તક આપે છે**

અમેરિકાએ તેની સ્થાપનાના સમયથી જ એ વિચાર સ્વીકાર્યો હતો કે વ્યક્તિનું મૂલ્ય તેના જન્મથી નહીં, પરંતુ તેની ક્ષમતાથી નક્કી થવું જોઈએ. વ્યવહારમાં આ આદર્શ ભલે સંપૂર્ણ રીતે અમલમાં ન આવ્યો હોય, પરંતુ એટલું ચોક્કસ છે કે આ વિચારે લાખો લોકોને એવો વિશ્વાસ આપ્યો છે કે તેઓ પોતાનું ભાગ્ય પોતે બદલી શકે છે. એટલા માટે જ અમેરિકાને પ્રવાસીઓનો દેશ કહેવામાં આવે છે. ઓગણીસમી અને વીસમી સદી દરમિયાન કરોડો લોકો યુરોપ અને બીજા અનેક દેશોમાંથી અમેરિકા પહોંચ્યા હતા. આયર્લેન્ડમાં દુકાળ પડ્યો ત્યારે લાખો લોકો ત્યાંથી નીકળી પડ્યા. ઇટાલી, જર્મની, પોલેન્ડ અને રશિયાના ગરીબ લોકો બહેતર જીવનની શોધમાં અમેરિકા આવ્યા હતા. ન્યૂયોર્કના એલિસ આઇલેન્ડ પર ઉતરનારા આ લાખો લોકો માટે–જેમાં એક પરિવાર ડોનાલ્ડ ટ્રમ્પના પૂર્વજોનો પણ હતો–અમેરિકા માત્ર એક ભૌગોલિક સ્થાન નહોતું; તે એક સંભાવના હતી. વીસમી સદીના ઉત્તરાર્ધમાં આ જ કહાની એશિયા સાથે ફરી દોહરાઈ. ભારત, ચીન, તાઈવાન, દક્ષિણ કોરિયા અને બીજા અનેક દેશોના વૈજ્ઞાનિકો, ઇજનેરો, ડૉક્ટરો અને શોધકર્તાઓ અમેરિકા પહોંચ્યા. આજની મોટી ટેક્નોલોજી કંપનીઓમાં આ વાત વધુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. ગૂગલનું નેતૃત્વ ભારતીય મૂળના સુંદર પિચાઈએ કર્યું છે, માઈક્રોસોફ્ટની કમાન ભારતના સત્ય નડેલાએ સંભાળી છે, એનવિડિયાના સ્થાપક અને સીઈઓ જેન્સેન હુઆંગ તાઈવાનથી આવેલા પ્રવાસી પરિવારના સંતાન છે, એડોબના શાંતનુ નારાયણ ભારતમાંથી ગયેલા છે અને ઈન્દ્રા નૂઈની વાત તો આપણે ઉપર કરી જ છે.

ઇતિહાસમાં પાછળ જઈએ તો પણ આવી અનેક કહાનીઓ મળે છે. આલ્બર્ટ આઇન્સ્ટાઇનને સૌથી મોટો અવસર અમેરિકાએ આપ્યો હતો. ઇટાલીના વૈજ્ઞાનિક એનરિકો ફર્મી, હંગેરીના મહાન ગણિતજ્ઞ જૉન વોન ન્યૂમેન અને સર્બિયાના નિકોલા ટેસ્લા જેવા અસંખ્ય નામો બતાવે છે કે આધુનિક વિજ્ઞાન અને આંત્રપ્રેન્યોરશિપના ઇતિહાસમાં માત્ર અમેરિકનોનું જ યોગદાન નથી. લાખો પ્રવાસીઓનાં સપનાઓને અમેરિકાએ સ્થાન આપ્યું છે અને તેમણે પણ અમેરિકાને મહાન બનાવવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

સિલિકોન વેલીની ઓફિસોમાં આજે પણ ભારતીય, ચીની, ઈરાની, ઇઝરાયેલી, રશિયન, યુરોપિયન અને લેટિન અમેરિકન મૂળના લોકો એકસાથે કામ કરી રહ્યા છે. આ દેશમાં વિચારોની હરીફાઈ થાય છે, પાસપોર્ટની નહીં. એ સંયોગ નથી કે ઇન્ટરનેટ, કૃત્રિમ બુદ્ધિમત્તા, સેમીકન્ડક્ટર, બાયોટેક્નોલોજી અને અંતરીક્ષ વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં અમેરિકા સતત નેતૃત્વ કરતું આવ્યું છે. તેની સૌથી મોટી મૂડી તેલના કૂવા કે પ્રાકૃતિક સંસાધનો નથી; તેની સૌથી મોટી મૂડી વિશ્વભરની પ્રતિભાઓ છે, જેને તે ખુલ્લા હૃદયે આવકારે છે.

વાસ્તવમાં પ્રતિભા કોઈ એક દેશની સંપત્તિ નથી હોતી. તે આખી દુનિયામાં સમાન રીતે જન્મે છે. ફરક માત્ર એટલો જ હોય છે કે કયો સમાજ તેને ઓળખે છે અને કયો સમાજ તેને ઓળખતાં પહેલાં તેના નામ, જાતિ, ધર્મ, લિંગ કે સામાજિક સ્થાનનો હિસાબ લગાવે છે.

જ્યાં અવસરો સીમિત હોય છે, ત્યાં પ્રતિભા ધીમે-ધીમે નિરાશ થઈ જાય છે અને બીજી જગ્યાએ તક શોધવા લાગે છે.લોકો પોતાનો દેશ એટલા માટે નથી છોડતા કે તેમને પોતાની ધરતી પ્રત્યે પ્રેમ નથી. તેઓ એટલા માટે જાય છે કારણ કે તેમને લાગે છે કે બીજે ક્યાંક તેમની યોગ્યતાને વધુ સન્માન મળશે.

એ વાત પણ સાચી છે કે અમેરિકાની યાત્રા સરળ રહી નથી. અશ્વેતોના અધિકારો માટે લાંબો સંઘર્ષ થયો છે, મહિલાઓને સમાન અધિકારો મળતાં દાયકાઓ લાગ્યાં છે અને પ્રવાસીઓ પ્રત્યે સમયાંતરે શંકા તથા વિરોધ પણ ઉભા થયા છે. પરંતુ આ કમજોરીઓ છતાં અમેરિકાએ પોતાનામાં સુધારો કરવાની ક્ષમતા બતાવી છે. એટલા માટે આજે પણ તેની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જેમનો જન્મ અમેરિકામાં થયો નથી. અમેરિકાની આર્થિક અને વૈજ્ઞાનિક શક્તિ પાછળ જો કોઈ એક વિચાર સૌથી વધુ મહત્વનો હોય, તો તે એ છે કે પ્રતિભા દુનિયાના કોઈપણ ખૂણેથી આવે, તેની અસલી તાકાત એ વિશ્વાસમાં છે, જે તેના નાગરિકો અને દુનિયાભરના પ્રતિભાશાળી લોકોના મનમાં જન્મે છે. જે સમાજ પૂછે છે, "તમે કોણ છો?", તે ધીમે-ધીમે સીમિત થતો જાય છે. જ્યારે જે સમાજ પૂછે છે,

# આડી લાઈન

કહેવાય છે કે પરદેશમાં ત્રણ ગુજરાતીઓ ભેગા થાય તો બે સંસ્થા બની જાય ને ત્રણ અંગ્રેજ ભેગા થાય તો લાઈન થઈ જાય. અંગ્રેજો લાઈનપ્રેમી પ્રજા છે અને લાઈનમાં ઊભા રહીને તેઓ પોતાની જાતને બહુ હોશિયાર, સભ્ય અને શિષ્ટ ગણે છે. પણ હકીકત સાવ અવળી છે. અંગ્રેજોને લાઈનમાં ઊભાં રહેતાં આવડતું જ નથી. એ લોકો ઊભી લાઈન કરે છે, એટલે કે એકની પાછળ એક ઊભા રહે છે અને તે પણ એકબીજાને અડ્યા કે ધક્કા માર્યા વિના. તે જોઈને વિશુદ્ધ ભારતીય જણને છરી-કાંટાથી લાડુ ખાવા જેવું અડવું લાગી શકે. કવિબાનીમાં કહીએ તો, એવી લાઈન બગીચામાં ઉગેલાં ફૂલોની નહીં, બુકેમાં ગોઠવાયેલાં ફૂલોની યાદ અપાવે છે, તે પ્રભાવશાળી લાગે, પણ ઓર્ગેનિક નથી લાગતી અકુદરતી જણાય છે.

ફક્ત અંગ્રેજો જ નહીં, દુનિયાના ઘણા દેશોમાં લોકો એવું માને છે કે લાઈન તો ઊભી જ હોય અને ઊભી હોય તેને જ લાઈન કહેવાય; બાકી ટોળું. પણ કહે છે ને કે હોશિયાર ગણાતા લોકો ભૂલે ત્યારે ભીંત ભૂલે. તેમની સરખામણીમાં હજારો વર્ષ જૂની સંસ્કૃતિનો વારસો ધરાવતા ભારતીય ઉપખંડના લોકો સાવ જુદા પડી જાય છે. કેમ કે, તેઓ આડી લાઈન કરે છે. એટલે તો રડયાર્ડ કિપ્લિંગે લખ્યું હશે ને કે "ઈસ્ટ ઇઝ ઈસ્ટ એન્ડ વેસ્ટ ઇઝ વેસ્ટ..." પૂર્વ પૂર્વ છે ને પશ્ચિમ પશ્ચિમ, અને બંનેનો મેળ નહીં પડે. સીધી વાત છે. મેળ ક્યાંથી પડે? આડી ને ઊભી લાઈનો કદી એકબીજાને મળી શકે?

કંપનીઓના અને વ્યવસાયોના વિકાસ માટે અંગ્રેજીમાં વર્ટિકલ (ઊભો) અને હોરિઝોન્ટલ (આડો) એવાં બે વિશેષણ વપરાય છે, પરંતુ મેનેજમેન્ટની મોટી મોટી થિયરીઓ ઝાડનારાઓને હોરિઝોન્ટલ (આડી) લાઈન વિશે માહિતી ન હોય તે બનવાજોગ છે. ભારત વિશ્વને ફક્ત અધ્યાત્મમાં જ નહીં, આડી લાઈનમાં–અને આડી લાઈને ચડેલા અધ્યાત્મમાં પણ–માર્ગદર્શન આપી શકે છે.

**એવી લાઇન બગીચામાં ઉગેલાં ફૂલોની નહીં, બુકેમાં ગોઠવાયેલાં ફૂલોની યાદ અપાવે છે, તે પ્રભાવશાળી લાગે, પણ ઓર્ગેનિક નથી લાગતી, અકુદરતી જણાય છે**

સમૃદ્ધ કહેવાતા દેશોની પ્રજા માને છે કે આડી લાઈન અરાજકતાની, ટોળાશાહીની નિશાની છે. ગાંધીજીએ તેને 'અધૂરી કેળવણીની નિશાની' ભલે ન કહી હોય, પણ ઘણાને એવું કહેવાનો ઉત્સાહ થઈ આવે છે. કેમ કે, આવી લાઈનમાં લોકો એકબીજાની પાછળ નહીં, એકબીજાની સાથે ઊભા હોય છે. કોઈ પણ ઠેકાણે બે-ચાર લોકો લાઈન જેવા ભાસતા આકારમાં ઊભેલા દેખાતા હોય અને નવો જણ ત્યાં લાંગરે, ત્યારે સૌથી પહેલાં તેને જોવાનો-તપાસવાનો વિચાર આવે છે. એટલે તે ઉપરછલ્લું કામ કરવાને બદલે મૂળગામી તપાસ કરવા માટે સીધો સંબંધિત બારી કે કાઉન્ટર સુધી પહોંચે છે. ત્યાં જઈને તેને સમજાય છે કે ચાર-પાંચ લોકો પહેલેથી જ એકબીજાની એકદમ પાછળ નહીં, પણ સહેજ વાંકાચૂકા ઊભેલા છે અને તેની ગતિવિધિ તંગ નજરે જોઈ રહ્યા છે. તેમને લાગે છે કે પ્રાથમિક તપાસ કરવા આવેલો માણસ ક્યાંક આપણને



લાઈનમાં ઊભેલા મૂકીને પોતાનું કામ પતાવી ન દે.

તેમની નોંધાયેલી નજરોથી પૃચ્છકને સમજાય છે કે તેણે પણ ચાર-પાંચ લોકોની પાછળ ઊભા રહેવાનું છે. એવી રીતે થોડો સમય વીતે ત્યાં સળવળાટ થાય છે, અને કેમ ન થાય? લાઈનમાં ઊભેલા લોકો જીવતા માણસો છે, કંઈ લાકડાનાં પ્યાદાં થોડાં છે કે જ્યાં હોય ત્યાં જ ખોડાયેલાં રહે? તે હલચલ અને હિલચાલમાં ધીમે ધીમે લાઈન પોતાનો આકાર ગુમાવે છે. થોડો વધુ સમય વીતે અને કાર્યવાહી ધીમેથી ચાલતી હોય (જેમ કે બેન્કમાં), તો પાછળ રહેલા લોકો પણ વચ્ચે વચ્ચે કાર્યવાહી ચાલે છે કે નહીં અને કેટલે પહોંચી તે જોવાના બહાને છેક આગળ આવે છે, થોડું આમતેમ જુએ છે અને કોઈ વાંધો ન લે તો ત્યાં જ ઊભા રહી જાય છે. તેમનાથી પ્રેરાઈને પાછળ ઊભેલા લોકોને પણ ઊભી લાઈન જેવા આકારમાં ઊભા રહેવાની વ્યર્થતા સમજાય છે. તેઓ પણ તપાસ કરવા માટે આગળ આવે છે અને અગાઉના આગંતુકની બાજુમાં ઊભા રહી જાય છે. એવી રીતે જોતજોતાંમાં લાઈન આડી થઈ જાય છે. થોડી વારમાં એવી સ્થિતિ આવે છે કે પહોળાઈ ખૂટી જાય. ત્યાર પછી, સંસ્થાઓમાં નેતાગીરીમાં ભલે ન થતી હોય, પણ આડી લાઈનની બીજી હરોળ તૈયાર થવા માંડે છે.

કાઉન્ટર પર બેઠેલી વ્યક્તિ નજર ઉઠાવીને જુએ ત્યારે તેને એક નહીં, પાંચ-સાત કાર્યોત્સુકોનાં દર્શન થાય છે. તેમણે ખરેખર તો આડી લાઈન જોઈને આનંદ અનુભવવો જોઈએ અને એવી રીતે ઊભેલા લોકોમાં રહેલી સમાનતાની ધખનાને બિરદાવવી જોઈએ, જેનાથી પ્રેરાઈને તેમણે ઊભી લાઈન ફગાવી દીધી.

તેમાં કોઈ આગળ તો કોઈ પાછળ એવી અસમાનતા પ્રવર્તતી હતી. એટલું જ નહીં, તેનો મહિમા પણ સ્થાપિત થતો હતો. આડી લાઈનમાં આવી ગયા પછી સૌ સરખા, સમોવડિયા બની ગયા.

**બોલ્યું-ચાલ્યું માફ**

**ઉર્વિશ કોઠારી**

દુર્ભાગ્યે ઘણાખરા લોકોની સમાનતાની વૃત્તિ આટલી જાગ્રત કે ઊંડી હોતી નથી. એટલે તેઓ આડી લાઈનમાં ઊભેલા લોકોને ઠપકો આપીને સરખી લાઈન કરવા કહે છે. એવા ઠપકામાં ઘણી વાર 'તમે ભણેલાં-ગણેલાં થઈને આવું કરો છો!' એવું પણ કહેવામાં આવે છે. તે સમયસંજોગ સંવાદ માટે અનુકૂળ હોતા નથી. બાકી, કોઈ તેમને કહી શકે, 'ભણવાથી અમને આડી લાઈન માટેનો કોન્ફિડન્સ આવ્યો છે, અને ઉપરના લોકો પાસેથી પ્રેરણા મેળવીને તો અમે આડી લાઈને છીએ.'

## ઈશિતાનું અલકમલક

### વાત એક ભૂતિયા ગામની

'ભૂત-પ્રેત-પિશાચ-ડાકણ'આ શબ્દો જેટલા ભયભીત કરનારા છે એટલા જ 'ઈશિતા' સહિત બધાનાં મનમાં ઉત્કંઠા, રોમાંચ, રહસ્ય અને ભયનું એક ઠંડુંગાર લખલખું કરોડરજ્જુમાંથી પસાર થઈ જાય એવો ડર પેદા કરનારા છે. ભૂત-ડાકણની વાત ભલે આપણી વાટ લગાડી દે, તો પણ એ સાંભળવી-વાંચવી જરૂર ગમે. 'ઈશિતા' પાસે ભૂતિયા ગામથી લઈને ભૂતિયા પ્રેમીના આવા કેટલાક કિસ્સા છે, જેને તમે પણ માણો અને ડર લાગે તો ડરો! અમેરિકાના નેબ્રાસ્કા રાજ્યમાં એક ગામ આમ તો ખેતીપ્રધાન છે પણ કહે છે કે થોડાં વર્ષોથી આ ટાઉન પર ન જાણે કેમ કેટલાક અતૃપ્ત આત્માઓની એવી બૂરી નજર લાગી કે અહીં કોઈ ટકતું નથી. અહીં લોકો આવે, વસે, ખેતીનું કે બીજું કોઈ કામ શરૂ કરે, પછી પરિવારમાં કોઈનું મરણ થાય અને અચાનક પરિવાર રાતોરાત ગામ છોડીને ચાલ્યો જાય! ૧૫-૧૭ વર્ષ પહેલાં અહીં સરકારી ગણતરી મુજબ ૧૫૦ લોકોની વસ્તી હતી, જે સાવ ઘટીને એક પતિ-પત્ની એટલે કે માત્ર બે જ વ્યક્તિની વસ્તી રહી! આમ આ ટાઉન મોનોવીમાં માત્ર બે જ જણ રહ્યાં – પતિ રૂડી અને પત્ની એલ્સી. ગામમાં ઠીકઠીક વસ્તી હતી ત્યારે પતિએ એક બાર અને એક લાઇબ્રેરી શરૂ કરી હતી. કાળક્રમે પતિનું મરણ થયું. પછી આ ભૂતિયા ગામની એકમાત્ર રહેવાસી રહી એની પત્ની એલ્સી. ન જાણે કેમ એલ્સીને કોઈ પ્રેતાત્માએ પજવી નથી એટલે એ એકલી આ ટાઉનમાં ટકી રહી. અને હા, આ ટાઉનની સારસંભાળ લેવા નિયમ અનુસાર દર બે વર્ષે મેયરની ચૂંટણી યોજાય છે, જેમાં એલ્સી ઉમેદવારી નોંધાવે અને વિના પ્રતિસ્પર્ધી મેયર તરીકે ચૂંટાઈ આવે! ટાઉનમાં પાણી-વીજળીના ખર્ચ પેટે સરકાર તરફથી એલ્સીને આશરે રૂપિયા ૩૫થી ૪૦ હજાર સુધીની રકમ મળે છે. ક્યારેક ગામની સંભાળનો ખર્ચ વધી જાય તો એલ્સી ખુદ ભરી દે, કેમ કે આજુબાજુનાં ગામોના લોકો અહીંથી પસાર થાય ત્યારે બધા એલ્સીના બારમાં જરૂર જાય. પરિણામે એલ્સીને સારી એવી કમાણી પણ થાય છે.



આ ભૂતિયા ગામની એકમાત્ર રહેવાસી એલ્સી

### હવે વાત એક પ્રેત પ્રેમીની

મોનોવી નામના એક ભૂતિયા ગામની વાત આપણે જાણી. હવે 'ઈશિતા' પાસેથી સાંભળો એક પ્રેમી પ્રેતની વાત. આ વાત પાંચેક વર્ષ પહેલાંની, એટલે કે કોરોનાના સમયની છે. જો કે એ વાતને લગતી વીડિયો ક્લિપ આજે પણ વાયરલ છે. ન્યુયોર્કની કેથેરિન વર્બ નામની એક યુવતીને હેન્રી નામના યુવાન સાથે સોશિયલ મીડિયા પર પરિચય થયો. હેન્રી ન્યુયોર્કથી ખાસ્સા દૂર આવેલા એક ટાઉનમાં રહેતો હતો. મેસેજ અને વીડિયો કોલ પર નિયમિત કલાકો સુધી વાતો થતી. સમય જતાં એ પરિચય પ્રેમમાં પલટાયો. દોઢેક વર્ષનાં આવાં 'ઈલ્લુ-ઈલ્લુ' પછી ટૂંક સમયમાં લગ્ન કરીને હંમેશાં માટે જીવનસાથી બની જવાનો એકમેકને કોલ આપ્યો. અચાનક આ કહાનીમાં ટ્વિસ્ટ આવ્યો. હેન્રીનો મેસેજ આવ્યો : '~હું કોરોનામાં સપડાયો છું. સારવાર શરૂ કરી છે. મેસેજ દ્વારા તને અપડેટ કરતો રહીશ.'' થોડા દિવસ મેસેજ આવતા રહ્યા, પછી બંધ થઈ ગયા. હેન્રીએ ફોન પણ ઉપાડવાનું બંધ કરી દીધું. કેથેરિનને ચિંતા થઈ. હોસ્પિટલો અને કોવિડ સેન્ટરોમાં એની શોધ આદરી. હેન્રીનો અત્તોપત્તો ન મળ્યો, પછી 'પ્રેમી ગુમ થયો છે' એવી પોલીસ ફરિયાદ કરી. કેથેરિન પાસેથી મળેલી હેન્રીની બધી વિગતોના આધારે પોલીસે સઘન તપાસ આદરી. એમને પણ હેન્રી નામનો કોઈ શખ્સ ન મળ્યો. આખરે પોલીસે કેથેરિનને કહેવું પડ્યું : ''સોરી, તમે જે હેન્રી નામના પ્રેમીની વાત કરો છો, એ નામની કોઈ વ્યક્તિનું કોઈ અસ્તિત્વ જ નથી!'' ભૂત-પ્રેત જેવી ન ઉકેલી શકાય એવી રહસ્યમય કથાઓ રજૂ કરતી એક વેબસાઇટ છે. અવાક થઈ ગયેલી કેથેરિને ગુમ થયેલા પોતાના પ્રેમીની વાત એ વેબસાઇટ પર મૂકી, જેની વીડિયો ક્લિપ જબરદસ્ત વાયરલ થઈ ગઈ. એના મોટા ભાગના દર્શકો માને છે કે કેથેરિનનો પેલો પ્રેમી હેન્રી જરૂર પ્રેત જ હશે, જે માનવદેહ ધારણ કરીને એની સાથે બે વર્ષ સુધી પ્રેમી હોવાનું નાટક કરતો રહ્યો અને જેવી કેથેરિન સાથે લગ્નની વાત નીકળી કે કોરોનાનું બહાનું બતાવી હેન્રી પ્રેતયોનિમાં પરત થઈ ગયો પ્રેત પણ માણસ જેવા જ છે. એને પણ ઇશ્ક કરવો ગમે પણ જેવી લગ્નની વાત નીકળે એટલે એ પણ છૂમંતર!



### હવે ચુડેલ પણ નામ બદલે છે!

ટૂંક સમયમાં ટીવી ચેનલ પર એક હિન્દી સીરિયલ રજૂ થવાની તૈયારીમાં છે. એ સીરિયલનું નામ જ ઉત્સુકતા જગાડે એવું છે. એક ફાંકડી, ચાર્મિંગ ચુડેલ એક યુવાનના પ્રેમમાં પડે છે. યુવાનને ખબર નથી કે એની લાવણ્યમય લેડી લવ એક ભૂત-પ્રેત યોનિની ચુડેલ છે. પેલી ચુડેલ પોતાના ચમત્કાર બતાવી યુવાનને વશ કરે છે. પછી બન્ને લગ્ન કરવાનું નક્કી કરે છે અને ચુડેલ એના સાસરે જવાની તૈયારી કરે છે. પછી જામે છે જબરી ધમાલ! અહીં 'લો, ચુડેલ ચલી સસુરાલ!' તો એક કાલ્પનિક કથાવાળી સીરિયલ છે, પણ હકીકતમાં સુરત જિલ્લાના માંડવી નજીકના એક ગામમાં લોકવાયકા મુજબ સંખ્યાબંધ ચુડેલોનો ઉપદ્રવ હતો. તેથી ગામનું નામ જ 'ચુડેલ' પડી ગયું હતું. આવા નામને કારણે ૧૨૦૦ની વસતી ધરાવતાં આ ગામના રહેવાસીઓ જબરા પરેશાન હતા. હવે એમના માટે 'અચ્છે દિન' આવી ગયા છે. ગુજરાત સરકારે હવે એ બદનામ ગામનું નામ બદલવાનો નિર્ણય લીધો છે. હવેથી 'ચુડેલ' ગામ સત્તાવાર રીતે 'ચંદનપુર' નામથી ઓળખાશે!બીજા શબ્દોમાં કહીએ તો ત્યાંની ડરામણી ચુડેલ હવે ચંદનસા બદનવાળી ચાર્મિંગ બની રહી છે!




### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» તમને કદાચ કલ્પના પણ નહીં હોય કે એક સ્થળ એવું છે, જ્યાં તમે ધારો તો પણ રડી ન શકો. એ સ્થળ છે અવકાશ – અંતરિક્ષ!

» પૃથ્વી પર ગુરુત્વાકર્ષણ બળને લીધે આપણી આંખમાંથી આંસુ ગાલ પર સરકી જાય છે પણ અંતરિક્ષમાં ગુરુત્વાકર્ષણ શૂન્ય હોવાથી કોઈ પણ વસ્તુ નીચે પડતી જ નથી; એ હવામાં જ તરતી રહે છે. અંતરિક્ષમાં આંસુ પણ આંખમાંથી બહાર નીકળીને પાણીના પરપોટાની જેમ આંખની આસપાસ જમા થઈ જાય છે.

### ઈશિતાની એલચી

**મોડા આવે છે અને વહેલા જાય છે વો આપકે હૈ કૌન??**

**ઉત્તર : બૉસ અને દાંત!**